# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-01-2025** **Evening: 7.50 TO 8.00**

**Day : SATURDAY** **National News**

**આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.**

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં 2 કરોડ 25 લાખથી વધુ મિલકતના દસ્તાવેજ થયા.

2) પ્રધાનમંત્રી આવતીકાલે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે

3) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું, આગામી પાંચ વર્ષમાં દેશનો ઓટોમોબાઈલ ઉદ્યોગ વિશ્વમાં પ્રથમ ક્રમે હશે.

4) આરજી કર આરોગ્ય મહાવિદ્યાલય દુષ્કર્મ અને હત્યા કેસમાં પશ્ચિમ બંગાળની સિયાલદાહ અદાલતે સંજય રાયને દોષિત ઠેરવ્યો

5) ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ICC ચેમ્પિયન્સ ટ્રોફી અને ઈંગ્લેન્ડ સામેની એક દિવસની શ્રેણી માટે 15 ખેલાડીના નામ જાહેર કર્યા

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM SWAMITVA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વર્ચ્યુઅલ માધ્યમથી સ્વામિત્વ યોજના હેઠળ દેશભરમાં 65 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું. દસ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોના 50 હજારથી વધુ ગામડાઓમાં પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ કહ્યું કે સ્વામિત્વ યોજના લાગુ થયા પછી, છેલ્લા પાંચ વર્ષમાં 2 કરોડ 25 લાખથી વધુ મિલકતના દસ્તાવેજો કરાયા છે. શ્રી મોદીએ કહ્યું કે યોગ્ય દસ્તાવેજના કારણે મિલકતના વિવાદોનો અંત આવશે.

**(બાઇટ: નરેન્દ્ર મોદી – પ્રધાનમંત્રી - સ્વામિત્વ)**

સ્વામિત્વ યોજનાથી મહિલાઓના મિલકતના અધિકારો અંગે શ્રી મોદીએ જણાવ્યું કે..

**(બાઇટ: નરેન્દ્ર મોદી – પ્રધાનમંત્રી-મહિલા )**

સ્વામિત્વ યોજનાનો ઉદ્દેશ્ય ગ્રામીણ વસ્તીવાળા વિસ્તારોમાં મિલકત માલિકોને માલિકી હકો આપવાનો છે. સર્વેક્ષણ માટે અત્યાધુનિક ડ્રોન ટેકનોલોજી દ્વારા પરિવારોને માલિકી હકો આપીને ગ્રામીણ ભારતના આર્થિક વિકાસને આગળ વધારવા માટે 2020 માં સ્વામિત્વ યોજના શરૂ કરવામાં આવી હતી

# AMIT SHAH – ANDHRA PRADESH VISIT

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આવતીકાલે આંધ્રપ્રદેશના વિજયવાડામાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિક્રિયા દળ એટલે કે NDRFના 20મા સ્થાપના દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે, ગૃહમંત્રી 200 કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાસ્ટર મેનેજમેન્ટની દક્ષિણીય પરિસર, NDRFની 10મી બટાલિયનના કેમ્પસ અને સુપૌલમાં પ્રાદેશિક પ્રતિભાવ કેન્દ્રના પરિસર સહિત ત્રણ મહત્વના કેન્દ્રોનું ઉદ્ઘાટન કરાશે. આ ઉપરાંત હૈદરાબાદમાં નેશનલ પોલીસ એકેડમી ખાતે નવી 'ઇન્ટિગ્રેટેડ ઇન્ડોર શૂટિંગ રેન્જ' નો શિલાન્યાસ કરશે, જ્યાં IPS પ્રોબેશનરી અધિકારીઓને ફાયરિંગ કૌશલ્યની તાલીમ આપવામાં આવશે. આ મુલાકાત દરમિયાન ગૃહમંત્રી તિરુપતિમાં રાજ્ય સરકારની પ્રાદેશિક ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી બિલ્ડિંગનું પણ ઉદ્ઘાટન કરશે.

# PM-MANN KI BAAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો શેર કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો ૧૧૮મો એપિસોડ હશે.**

**આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝઓનએર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. તેનું લાઇવ સ્ટ્રીમિંગ આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર,**

**પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ કરવામાં આવશે. આકાશવાણી હિન્દી પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે**

## NITIN GADKARI- AUTOMOBILE SECTOR

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે આગામી પાંચ વર્ષમાં ભારતનો ઓટોમોબાઈલ ઉદ્યોગ વિશ્વમાં પ્રથમ ક્રમે આવશે. તેમણે કહ્યું કે આ ઉદ્યોગે અત્યાર સુધીમાં 4.5 કરોડ રોજગારીનું સર્જન કર્યું છે, જે દેશમાં સૌથી વધુ છે. શ્રી ગડકરીએ ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશનના એક કાર્યક્રમને સંબોધિત કરતા જણાવ્યું કે વૈશ્વિક સ્તરે ભારતીય ઓટોમોબાઈલ ઉત્પાદનોની માંગ ઘણી વધારે છે. તેમણે ઉમેર્યું કે ભારતમાં ઉત્પાદિત તમામ દ્વિચક્રી વાહનોમાંથી 50 ટકા વાહનોની નિકાસ થાય છે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટેઅમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV. EVE. WB-RG KAR VERDICT

પશ્ચિમ બંગાળમાં, સિયાલદાહ કોર્ટે આજે આરજી કર મેડિકલ કોલેજ દુષ્કર્મ અને હત્યા કેસમાં સંજય રાયને દોષિત ઠેરવ્યો છે. આ કેસની આગામી સુનાવણી 20 જાન્યુઆરીએ છે. એવી અપેક્ષા છે કે કોર્ટ તે દિવસે સજા જાહેર કરી શકે છે.

ન્યાયિક મેજિસ્ટ્રેટે જણાવ્યું હતું કે તપાસ એજન્સી સીબીઆઈ દ્વારા રજૂ કરાયેલાપુરાવા સાબિત કરે છે કે સંજય રાય આ ઘટનામાં દોષિત છે. ગયા વર્ષે 9 ઓગસ્ટના રોજ આરજી કર મેડિકલ કોલેજના સેમિનાર હોલમાંથી તાલીમાર્થી ડોક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો. 10 ઓગસ્ટના રોજ કોલકાતા પોલીસે સંજય રાયની ધરપકડ કરી હતી. બાદમાં તેને સીબીઆઈને સોંપવામાં આવ્યો હતો અને સીબીઆઈએ આ કેસમાં સંજય રાય સામે ચાર્જશીટ દાખલ કરી છે. ગયા વર્ષે 8 અને 9 ઓગસ્ટની રાત્રે તાલીમાર્થી ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યા કરવામાં આવી હતી.

# BCCI- ICC SQUAD

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આગામી ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 અને ઈંગ્લેન્ડ સામેની એક દિવસીય શ્રેણી માટે 15 ખેલાડીઓના નામ જાહેર કર્યા છે. કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ શમીને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. 19 ફેબ્રુઆરીથી શરૂ થનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ દુબઈ જાય તે પહેલા ભારત ઈંગ્લેન્ડ સામે 6, 9 અને 12 ફેબ્રુઆરીએ ત્રણ વન-ડે મેચ રમશે. ભારત ચેમ્પિયન્સ ટ્રોફીમાં ગ્રુપ Aમાં છે અને 20 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે તેના

અભિયાનની શરૂઆત કરશે. જે પછી તેઓ 23 ફેબ્રુઆરીએ પાકિસ્તાન અને 2 માર્ચે ન્યુઝીલેન્ડ સામે રમશે. ભારત તેમની તમામ મેચ દુબઈમાં રમશે.

## IIM AHMEDABAD JP NADDA

**કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ જણાવ્યું કે, એક સમયે શૈક્ષણિક સંસ્થાઓના સંશોધનપત્ર એક જગ્યાએ સલામત રીતે પડ્યા રહેતા હતા, પરંતુ આજે તેનો યોગ્ય ઉપયોગ થઈ રહ્યો છે. ગુજરાતની IIM અમદાવાદ ખાતે યોજાયેલી હેલ્થકેર સમિટમાં શ્રી નડ્ડાએ આ મુજબ જણાવ્યું હતું.**

(બાઈટઃ જે. પી. નડ્ડા, કેન્દ્રીય આરોગ્ય મંત્રી - પોલિસી મેકર બાઈટ)

**આ પહેલા અમદાવાદમાં સ્વામિત્વ યોજના હેઠળ યોજાયેલા પ્રૉપર્ટી કાર્ડ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા શ્રી નડ્ડાએ જણાવ્યું કે, મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં સામાન્ય વ્યક્તિના વિકાસના કામને સંપૂર્ણ મહત્વ અપાયું છે. અમે સશક્તિકરણની વાત કરીએ છે ત્યારે અમારા ફોકસમાં ગામ, ગરીબ, દલિત, શોષિત, પીડિત, વંચિત, યુવા, મહિલા અને ખેડૂત બધા રહ્યા છે. સ્વામિત્વ કાર્ડથી ખેડૂતો સશક્ત બનશે તેમ પણ શ્રી નડ્ડાએ ઉમેર્યું હતું.**

## BIHAR-JPC

સંયુક્ત સંસદીય સમિતિએ બિહારમાં વકફ સુધારા કાયદા અંગે

પટનામાં વકફ બોર્ડના પ્રતિનિધિઓ સહિત વિવિધ હિતધારકો સાથે ચર્ચા શરૂ કરી છે. આ અંગે સમિતિના અધ્યક્ષ જગદંબિકા પાલે જણાવ્યું કે સમિતિ વકફ મિલકતો, તેમના સંચાલન અને અન્ય વિવિધ મુદ્દાઓ અંગે બિહારના વિવિધ હિસ્સેદારો સાથે ચર્ચા કરશે. વધુમાં તેમણે આ મુજબ જણાવ્યું કે..

**(બાઇટ: જગદંબિકા પાલ, અધ્યક્ષ, સંયુક્ત સંસદીય સમિતિ)**

## WEATHER

હવામાન વિભાગે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં રાત્રે ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. આવતીકાલ સુધી તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને માહેમાં ભારે વરસાદની આગાહી છે. તે જ સમયે, આગામી 24 કલાકમાં ગુજરાતમાં તાપમાન 2 થી ૩ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. દરમિયાન હવામાન વિભાગે માછીમારોને આવતીકાલ સુધી કોમોરિન વિસ્તાર અને મન્નારના અખાતના નજીકના વિસ્તારોમાં ન જવાની સલાહ આપી છે. આગામી અઠવાડિયામાં પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર રાજસ્થાન અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં હળવા વરસાદની શક્યતા છે.

## RUSSIA-UKRANE ATTACK

યુક્રેનની રાજધાની કિવ પર ગઈકાલે રાત્રે રશિયન હવાઈ હુમલામાં ત્રણ લોકો માર્યા ગયા છે. યુક્રેનિયન અધિકારીઓએ કહ્યું છે કે હુમલામાં એક મેટ્રો સ્ટેશન અને

પાણીની પાઇપ લાઇનને પણ નુકસાન થયું છે. તેમણે કહ્યું કે રશિયન સૈન્યએ પહેલા ડ્રોનથી અને પછી બેલિસ્ટિક મિસાઇલોથી હુમલો કર્યો. યુક્રેનિયન સૈન્યએ અહેવાલ આપ્યો છે કે તેણે રશિયા દ્વારા છોડવામાં આવેલા 39 ડ્રોનમાંથી 24 અને ચારમાંથી બે મિસાઇલોનો નાશ કર્યો છે. રશિયાએ દક્ષિણપૂર્વીય શહેર ઝાપોરિઝ્ઝિયા પર પણ હુમલો કર્યો હતો આ હુમલામાં દસ લોકો ઘાયલ થયા છે અને એક ઔદ્યોગિક સંસ્થાને નુકસાન થયું છે. જોકે, રશિયાએ આ અંગે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી